**૨૬/૦૪/૨૦૨૧**

પ્રતિ,

**પ્રમુખશ્રી,**

ક્રેડાઇ-ગુજરાત,

બી/૮૦૧-૮૦૨, સોલીટેર કોર્પોરેટ પાર્ક,

દિવ્ય ભાસ્કર પાસે, એસ.જી. હાઇ-વે,

અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૫૧

**વિષયઃ કોવિડ-૧૯ મહામારીના બીજા વેવ્સની ગંભીર અસરના લીધે બાંધકામ પુર્ણ કરવાની સમયમર્યાદામાં ઓટોમેટીક રીતે એક વર્ષની મુદત વધારી આપવા બાબતની રજુઆત રેરા ઓથોરીટીને કરવા બાબત.**

માનનીય પ્રમુખશ્રી,

સવિનય સહ ઉપરોક્ત વિષય સંદર્ભે આપશ્રીને જણાવવાનું કે, હાલના માર્ચ મહિનાનાં હોળી-ધુળેટીના તહેવાર બાદ કોવિડ-૧૯ મહામારીની બીજી વેવ્સની ગંભીર અસર સમગ્ર ભારતભરમાં દેખાઇ રહી છે. દેશમાં સૌથી મોટો બાંધકામ ઉદ્યોગ એ ખેતી પછી બીજા ક્રમે રોજગારી પુરી પાડતો ઉદ્યોગ છે. કોરોના મહામારીના આ બીજા તબક્કાની વેવ્સના કારણે સમગ્ર જન-જીવન અસ્ત-વ્યસ્ત થઇ ગયુ છે. અર્થતંત્ર પર તેની ગંભીર અસરો પડી છે ઉદ્યોગ-ધંધાઓ અને ખાસ કરીને બાંધકામ વ્યવસાય પડી ભાંગ્યો છે.

આપ સૌ જાણો છો કે હોળી-ધુળેટીના તહેવારમાં બાંધકામ ઉદ્યોગ બંધ રહે છે. એવા જ સમયગાળામાં કોવિડ-૧૯ મહામારીની બીજી ગંભીર વેવ્સ ઉપસ્થિત થયેલ છે. બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલ તમામ પરપ્રાંતીય શ્રમયોગી, કામદાર, મજુરવર્ગ સુરતમાંથી પોતાના વતનની વાટ પકડતાં બાંધકામ બંધ પડેલ છે. હાલની આ પરિસ્થિતી જોતાં કામદાર વર્ગ કયારે પાછો ફરશે તે ચોક્કસ રીતે કહી શકાય તેમ નથી. બાંધકામ ક્ષેત્રને ફરી વેગવંતુ બનાવવામાં કામદારોનો સહયોગ જરૂરી છે પરંતુ કામદાર વર્ગ ન હોવાના કારણે બાંધકામ/પ્રોજેકટ પુર્ણ કરવામાં વિલંબ થાય તેમ છે. આથી આપશ્રીને નમ્ર વિનંતિ કે, બાંધકામ પુર્ણ કરવાની સમયમર્યાદામાં ઓટોમેટીક રીતે એક વર્ષની મુદત વધારી આપવા બાબતની રજુઆત ક્રેડાઇ-ગુજરાત તરફથી રેરા આથોરીટીને કરશોજી.

આપશ્રીને નમ્ર અરજ છે કે, ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાને લઇ અમારી રજુઆતને ગુજરેરા સુધી પહોચાડશો. આપણા સૌના સહિયારા પ્રયાસો દ્વારા સાથે મળી રીઅલ-એસ્ટેટ ક્ષેત્રને વિકસિત બનાવીએ એવી અમો ક્રેડાઇ-સુરતની આપશ્રીને વિનંતિ છે.

આપના સહકારની અપેક્ષા સહ,

**લિ. આપના વિશ્વાસુ**

**સુરેશ પટેલ**
**ચેરમેન**
**ક્રેડાઇ-સુરત**

**રવજીભાઇ પટેલ**
**પ્રમુખ**
**ક્રેડાઇ-સુરત**

**વિજય ધામેલિયા**
**માનદ્‌મંત્રી**
**ક્રેડાઇ-સુરત**